# પાલનપુરની લો કોલેજમાં બંધારણ દિવસની ઉજવણી



પાલનપુર : બી.કે.મર્કેન્ટાઇલ બેંક લો કોલેજ,પાલનપુર બંધારણીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું નેતૃત્વ લો કોલેજની લીગલ એડ કમિટિ દ્વારા કરવામાં આવેલું હતું. જેમાં બંધારણીય દિવસનું મહત્ત્વ સમજવા માટે અલગ અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્ટ્રીટ પ્લે ના માધ્યમથી વિદ્યાર્થીઓ દ્વારા બંધારણ વિશે સમજાવામાં આવ્યું હતું. તેમજ બંધારણ પર ક્વિજ સ્પર્ધા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ આ કાર્યક્રમની પૂર્ણાહુતિ પ્રતિજ્ઞાપત્ર થી કરવામાં આવેલુ જેમાં વિદ્યાર્થીઓ,આચાર્ય તેમજ તમામ સ્ટાફ દ્વારા બંધારણીય દિવસની ઉજવણી સફળતાપૂર્વક કરવામાં આવી હતી.